# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

જાગ્યો છે નિંદ્રા માંથી સમાજે જંગ થયો છે!
વિરોધ જોઇને સત્તાપક્ષ દંગ થયો છે!
પડ્યો ભંગ, રંગમાં તંગ 'આનંદી' ક્ષણો -
બદલાયો સ્વભાવ સત્સંગ શરૂ થયો છે!
(આનંદીબેને મોરચો સંભાળ્યો)

**હાઇકુ**

કૂબેરો વડે
ક્રિકેટ મેદાન ને
લાગ્યું કલંક!

મત મંદિરે
હવે રોજ ફૂંકાસે
લપોડ શંખ!

## ચિંતન

**વરં પર્વત દુર્ગેષુ ભ્રાન્તં વનચરૈઃ સહ ।**
**ન મૂર્ખજન સંસર્ગ સુરેન્દ્ર ભવનેષ્વપિ ॥**

'ઉત્તમ વિદ્યાવાન-સજ્જન સાથે પર્વતો કિલ્લાઓ અને ગુફાઓમાં ભટકવું સારું પણ મૂર્ખ વ્યક્તિ સાથે ઇન્દ્રના મહેલમાં પણ ન જવું.'

ભણવામાં, પ્રાથમિક શાળામાં એક વાર્તા આવતી હતી. (પંચતંત્ર) એક ગર્દભ અને શિયાળને મૈત્રી હતી. સ્વભાવમાં ગર્દભ તો એના જાતિ સ્વભાવ પ્રમાણે ભોળો-નિર્દોષ-સરળ સ્વભાવનો અને શિયાળ તો બધી વાર્તા પ્રમાણે જ ગધેડાની મદદથી છીંડુ કરાવી શેરડીના ખેતરમાં પેઠા. શેરડી ખાધી. શિયાળનું પેટ ભરાઇ ગયું એટલે લાળીએ ચડ્યા, ખેડૂત આવ્યો અને ગધેડો ધીબાઇ ગયો. આ વાર્તા સંસાર-વહેવારમાં પણ આજે ય એટલી વ્યવહારું અને સાચી છે.

દુર્જન મિત્ર, સાથીદાર, પ્રવાસીની સંગતથી નૂકશાન થાય છે, દુર્જન મિત્ર પર મૂકેલો વિશ્વાસ કોઇ પણ ક્ષણે - ભાંગી શકે, એ છેહ દઇ આપણને મુશ્કેલીમાં મૂકી દે છે. એવા મિત્રની સાથે સત્તા-પદ-ઇન્દ્રનો મહેલ મળે તો પણ જવું નહીં.

જયારે સજ્જન મિત્રની સાથે કોઇ કપરાં કઠિન કાર્યો કરવાં પડે તો પણ એનો પરમ સાથ અને વિશ્વાસ આપણામાં શ્રધ્ધા-ધૈર્ય ટકાવી રાખે છે.

## સુવિચાર

- બધી કોમના લોકો પ્રત્યે 'સદ્‌ભાવ' દાખવવો એ ખૂદાની બંદગી બરાબર છે
**- મહંમદ પયગંબર સાહેબ**
- અજ્ઞાની વ્યક્તિને ખૂશ કરવી સરળ છે, વિદ્વાન વ્યક્તિને પ્રસન્ન કરવી એનાથી પણ સરળ છે પણ જે માણસમાં જ્ઞાન હોવા છતાં અહંકારથી ભરેલો છે તેને તો બ્રહ્મા પણ ખૂશ ન કરી શકે
**- ભર્તૃહરિ**
- જે મહાપુરૂષની નિંદા કરે છે તે અને તે જ સાંભળે છે એ, બંને પાપના ભાગીદાર થાય છે
**- કાલિદાસ**
- 'આપત્તિ' એ મિત્રતાની વફાદારી કાઢવાનો માપદંડ છે **- તિરૂવલ્લુવર**
- મૃત્યુના ભય વગર મરવું એ ઇચ્છવા યોગ્ય મૃત્યુ છે **- સેનેકા**
- તમારા પર પ્રેમ રાખે તેને જ પ્રેમ કરવો એમાં નોંધનીય શું છે? એટલું તો જકાતનાકાં વાળા પણ નથી કરતા?
**- ઇશુ ખ્રિસ્ત**
- જીવનનું સુખ મનની શાંતિમાં સમાયેલું છે **- સિસેરો**

## બોધકથા

આપણા કર્મચારીઓ, બેન્કોવાળા અને બીજા અનેક સંગઠ્ઠનવાળા હડતાળ અને દબાણ દ્વારા પોતાના 'હક્ક' છીનવીને મેળવે છે પણ 'ફરજ' માં આંખ આડા કાન કરે હમણાં જ સચિવાલયનો એક સર્વે થયો એમાં કેટલાય કર્મચારી મોડા આવે છે અને વહેલાં જતા રહે છે. પ્રશ્નો-અરજીનો યોગ્ય નિકાલ કરતા નથી. નિષ્ઠાથી ફરજ બજાવતા નથી, હક્કની માગણી સાથે ફરજમાં પણ ચીવટ રાખવી જોઇએ..

અમેરિકાના પ્રમુખ જયોર્જ વોશિંગ્ટન ફરજ નિષ્ઠા માટે ખૂબ જ ચીવટ ધરાવતા હતા.

તેમના સચિવાલયના એક સચિવ કાયમ મોડા આવતા અને વહેલા નિકળી જવાની ટેવવાળા હતા.

એક દિવસ બરાબર સચિવાલયના શરૂ થવાને સમયે, સાડા દસ વાગ્યે જ પ્રમુખશ્રી એ સચિવને બોલાવ્યા, આવ્યા ન હતા.

બપોરે બાર વાગ્યે પધાર્યા અને બહાનું કંઇ મળ્યુ નહીં, એટલે કહી દીધું રાત્રે ઘડિયાળ બંધ પડી ગઇ હતી એટલે ઉઠવામાં જ મોડું થઇ ગયું!

પ્રમુખ જયોર્જે કહ્યું - જુઓ! આવતી કાલે તમે ઘડિયાળ બદલી નાખો અથવા મારે કાલથી જ મારા સચિવ બદલવા પડશે!

.. કહેવાની જરૂર નથી કે પછીથી સચિવ શ્રી નિયમિત આવતા થઇ ગયા.

# પ્રણવ મુખરજી રાષ્ટ્રપતિ બને તેનો ડર કોને લાગે છે?

## સંસદને ના સદ્યું બિચ્ચારું કાર્ટૂન !

રાષ્ટ્રપતિ કૌન બનેગા એ સવાલ કૌન બનેગા કરોડપતિ જેટલો સહેલો કે અઘરો નથી! કરોડપતિ બનવા ઈચ્છનારે તો કેટલાક માહિતીપ્રદ પ્રશ્નોના જવાબ આપવા પડતા હતા. અહીં એવું નથી, માત્ર બે જ સવાલની સીડી પાર કરવાની છે : એક, તમે નહેરૂ-ગાંધી પરિવારની નજદીક છો? અને બીજો, તમે મુખ્યત્વે મુસ્લિમ અથવા અન્ય લઘુમતિમાંથી આવો છો?

કદાચ, આ બે 'લાયકાત' કામ લાગે તેવું આગામી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં લાગી રહ્યું છે.

હમણાં જયલલિતા અને પટનાયકે પી.એન. સંગમાના નામને તરતું મૂક્યું છે. મેઘાલયના આ પ્રતિષ્ઠિત રાજકારણીએ આ પહેલાં કુશળતા અને કુનેહથી લોકસભાનું અધ્યક્ષપદ શોભાવ્યું હતુ. પછી શરદ પવારની રાષ્ટ્રવાદી પાર્ટીમાં ગયા ને કોઈ વિદેશી મહિલા ભારતમાં વડાપ્રધાન ન બની શકે એ મુદ્દાની સાથે રહ્યા. આમ તો પૂર્ણો સંગમા મેઘાલયના શિક્ષિત ઈસાઈ છે, શ્રીમતી સોનિયા ગાંદીનો પણ ઈસાઈ ધર્મ છે : આ સમીકરણે ય બંને ને એક સાથે રાખ્યાં નહીં એટલે પૂર્ણ સંગમાને જો કોંગ્રેસ ટેકો આપે તો તે માત્ર અને માત્ર મજબૂરીનો જ રહેશે. કોંગ્રેસે ઉપપ્રમુખ અન્સારીનું નામ આગળ ધર્યું તે હમણાંથી ખાસ સંભળાતું નથી.

કયારેક તો લાગે છે તો એવું કે યુપીએના 'ટ્રબલ શૂટર મુખરજીને રાષ્ટ્રપતિપદ મળી જશે.

પણ પ્રણવદા માનશે? રાષ્ટ્રપતિ કે રાજયપાલ બનવું અને મિનિસ્ટર કે પ્રાઈમ મિનિસ્ટર બનવું - તેમાં આકાશપાતાળનું અંતર છે. રાજભવન અને રાષ્ટ્રપતિભવનમાં રહેવું એ મોભો ખરો, પણ બીજું બધું? પ્રધાનનાં નસીબમાં જે ચારેતરફની મજાહ અને સત્તાનો ઉપયોગ (કે દુરપયોગ) આવે તેવું બીજે કયાં મળે? એટલે તો પક્ષમાં નકામા થઈ ગયેલા, 'વૉટ બેંક'માં નિષ્ફળ રહેલા, ગલઢા બૂઢા બહેરાઓને માટે આપણઆ દેશનાં રાજકારણે 'ગર્વનર' બનવાની બારી ખુલી રાખી છે. આમાં અપવાદ હશે પણ આખી યાદી જુઓ તો 'ઓબ્લિગેશન' નો પછડાયો મોટા ભાગમાંનો જોવા મળે. જેમને રાજકીય રંગ લાગ્યો છે. અને 'ઘરથી કબર સુધી' રહેવાનો છે તેને રાજયપાલ બનવું એટલે સજા કરવી! વસંતદાદા પાટિલનું નામ યાદ આવે છે? મહારાષ્ટ્રના આ ખેલાડી કોંગ્રેસ નેતાની ખિલાફ પ્રદેશ કોંગ્રેસમાં મોટી હલચલ થઈ તો વસંતદાદાને રાજસ્થાનમાં ગવર્નર તરીકે મોકલી અપાયેલા. પણ, આ તો વસંતદાદા!! એ તો રાજયપાલ પદેથી રાજીનામું કોંગ્રેસમાં સક્રિય થઈ ગયેલા...



**મારી નજરે**

- વિષ્ણુ પંડ્યા

જો કે, આ વખતે વાંચ્છુ જેવા કેટલાક ને - જેમણે પોલીસ સુરક્ષા એજન્સીઓમાં કામ કર્યું હતું, તેમને ય રાજયપાલ બનાવાયા છે.

પ્રણ મુખરજી રાષ્ટ્રપતિ બને તેનો સૌથી વધારે ડર કોને લાગે છે, જાણો છો? ભાજપને? એનડીએ ને? સામ્યવાદીઓને? ના, જી, તમને નવાઈ લાગે તેવી એક વાત દિલ્હીમાં સિનિયર કોંગ્રેસી પાસેથી જાણવા મલી તે તમને જણાવું છું. પ્રણવ મુખરજી રાષ્ટ્રપતિ થાય તેની ચિંતા અને ડર કોંગ્રેસને સૌથી અધિક છે! કોંગ્રેસમાં પણ જેઓ કૌભાંડો સાથે સંડોવાયેલા છે તેઓ, અને શ્રીમતી સોનિયા ગાંધી, તેમના શુભેચ્છકોને એ વાત સતાવે છે કે બંધારણીય વડા તરીકે જો પ્રણવ મુખરજીને પસંદ કરવામાં આવે તો...

આ 'તો' ના જવાબો રસપ્રદ છે.

- એવું પણ બને કે બંધારણ પ્રમાણેના રાષ્ટ્રપતિના અધિકારોનો ઉપયોગ પ્રણવદા કરે.

- તેમને ૧૯૮૪ની એ ઘટનાનું ભારે દુઃખ રહી ગયું છે કે શ્રીમતી ઈંદિરા ગાંધીની હત્યા પછી પોતે સિનિયર મોસ્ટ કોંગ્રેસજન હોવા છતાં તેમને હડસેલીને, અપમાનિત કરીને, ગાંધી પરિવારના રાજીવ ગાંધીને વડાપ્રધાન બનાવવામાં આવ્યા હતા.

પ્રણવ મુખરજીને કેટલાક સમય માટે કોંગ્રેસથી વંચિત રહેવું પડ્યું હતું.

વર્તમાન પ્રધાનમંડળમાં પી. ચિદંબરમનું ખાતું તેમના પર જાસૂસી કરી રહ્યાની ઘટના બહાર આવી હતી. ચિદંબરમ શ્રીમતી સોનિયા - પરિવારના મિત્ર હોવાથી જ પ્રધાનપદે ટકી રહ્યા છે. ગૃહખાતામાં એકાદ પણ મહત્ત્વનું પગલું ભરી શક્યા નથી.

હવે, પ્રણવ જો બધું મનમાં રાખે છે તે, રાષ્ટ્રપતિ બન્યા બાદ, સમય મળ્યે સોગઠી ફેંકે તો શું થાય? બંધારણની રીતે રાષ્ટ્રપતિને તેવો અધિકાર છે જ. તેનો ઉપયોગ પ્રણવદા કરે તો...

આ ડર કોંગ્રેસને સતાવી રહ્યો છે. તેમાં વળી ભાજપના યશવંત સિંહાએ પ્રણવની તરફેણ કરતો અભિપ્રાય આપ્યો તેનાથી કોંગ્રેસ સતેજ થઈ ગઈ છે.

આના કરતાં હમીદ અન્સારી જેવા - લઘુમતિ નેતાને - જ રાષ્ટ્રપતિ ભવનમાં બેસાડી દેવામાં આવે તો... આ વળી પાછો બીજો 'તો' આવ્યો!

## બાપડું, બિચ્ચારું કાર્ટૂન !

એક તસ્વીર હજાર શબ્દોથી વધુ અસરકારક હોય છે. તે રીતે એક કાર્ટૂન હજાર અહેવાલોથી વધુ ખતરનાક સાબિત થઈ શકે છે તેવું ભારતની લોકસભાના (એક ને બાદ કરતાં) તમામ સંસદ સભ્યોએ પ્રમાણિત કરી આપ્યું!

વાત પેલા કાર્ટૂનની છે, જે ૧૯૪૯ નાં વર્ષમાં ખ્યાત કાર્ટૂનિસ્ટ શંકરે દોર્યું હતું. શંકરનાં કાર્ટૂનથી પંડિત જવાહરલાલે પ્રભાવિત થઈને કહ્યું હતું કે, 'શંકર, ડૉન્ટ સ્પેર મી!' (તારાં કાર્ટૂનમાં મનેય છોડતો નહીં!) એ જ શંકરનાં એક કાર્ટૂન પર પંડિત નહેરુનાં પુત્રીના પુધવધૂ અને પૌત્ર સહિત તમામે સંસદમાં ઠેરવી દીધું. કે અરે, આવાં કાર્ટૂનો તો યુવા પેઢીના દિમાગમાં રાજકારણીઓ પ્રત્યે ઝેર રેડે છે, તે તમામને પાઠ્યપુસ્તકોમાંથી રદ કરીશું.

સિબ્બલ નામે બોલકા ધારાશાસ્ત્રી શિક્ષણ પ્રધાને નીચી મૂંડીએ માફી સ્વીકારી લીધી. પ્રણવ મુખરજી ભાવિ (રાષ્ટ્રપતિ) પદને નજરમાં રાખીને આવા કાર્ટન દાખલ કરનારાઓની સામે આકરા પગલાં લેવાનો ગુસ્સો વ્યક્ત કરી દીધો.

કહે છે કે, નેશનલ કૉન્ફરન્સના સંસદ સભ્ય શરીફુદ્દીન શરીકે એકરા એ જ કહ્યું કે ભલા આદમીઓ, કાર્ટૂનિષ્ટો આપણાં આવાં કાર્ટૂન શા માટે દોરે છે? કારણ કે આપણાં કામ જ એવાં હોય છે! પણ આ સંસદ સભ્ય સાવ એકલા પડી ગયા. બધાએ ઉછલી ઉછલીને કહ્યું કે આ તો રાજકારણીઓને બદનામ કરવાનું ભયંકર કાવતરું છે!

વાહ કાવતરું!! છોકરાઓ પાઠ્યપુસ્તકમાં કાર્ટૂન નહીં જુએ તેનાથી રાજકારણીઓનાં ચરિતર, સ્વચ્છ - પ્રામાણિક બની જશે? રાજાઓ, કલમાડીઓ, કનીમોઝીઓ, સુખરામો બનતા અટકી જશે? થશે શું?

કંઈ નહીં થાય. રાજકારણીઓ - મુખ્યત્વે સંસદ સભ્યો - લોકસભામાં જે રીતે વરસી રહ્યા છે. તે કોઈનાથી છાનું નથી. તમે દેશને મોંઘવારીના ખપ્પરમાં ધકેલી દો, દિનદહાડે ખૂનામરકીને રોકી ના શકો, ખેડૂતોના આપઘાતો થવા દો, ગોડાઉનોમાં અનાજને સડવા દો, પેટ્રોલના ભાવ વધાર્યા કરો, આતંકવાદીઓને નાબૂદ ના કરી શકો, કૌભાંડો પર કૌભાંડો કરતા રહો... અને કાર્ટૂનથી ડરી જાઓ? વાહ, ભઈ, વાહ!!

જે કાર્ટૂન પર વિવાદ ચગાવવામાં આવ્યો અને તેમાં ડૉ. આંબેડકરનું ઘોર અપમાન કરાયું છે. એમ ઉહાપોહ કરાયો તે પણ તદન વાહિયાત છે. યુનિયા નામના એક કોંગ્રેસી સંસદ સભ્યે પ્રથમ સવાલ ઊઠાવ્યો ને હો-હા શરૂ થઈ ગઈ. ખરેખર તો લોકશાહી માટે જરૂરી બંધારણની તાકીદ માટે ગોકળગાયનો આંબેડકર - નહેરૂ આગળ ચાલતા કરવા ચાબુક ફટકારે છે તેવું આ કાર્ટૂનમાં ચોખ્ખું દેખાય છે. તથાકથિત દલિત સાંસદે એવું જણાવ્યું કે આંબેડકર પર નહેરું ચાબખા વીંઝે છે!! ડૉ. આંબેડકર પર કોઈ - અને તેય દેશનો વડાપ્રધાન - આવું કરે તેવું કોઈનું યે સાહસ હતું નહીં અને છે નહીં... તો પછી -

વાત એટલી જ છે કે સંસદ બહાવરી બની ગઈ છે, અને બહાવરાપણું રમૂજવૃત્તિથી દૂર ભાગે છે.

## સંસદનો સંકલ્પ !

આપણી સંસદ - એટલે કે પાર્લામેન્ટ - નેય સાંઠ વર્ષ થઈ ગયાં! ભારત ૧૯૪૭ માં આઝાદ થયું ત્યારે જ રાષ્ટ્રીય નેતાઓ મથામણ કરી રહ્યા હતા કે આટલા મોટા સ્વાતંત્ર્ય સંઘર્ષ પછી ભારતને કેવી લોકશાહી અનુકૂળ પડશે? જે નેતાઓ તે સમયે હતા તેમના પર પશ્ચિમની લોકશાહીનો ભારે પ્રભાવ હતો. ભલે અંગ્રેજોની સામે લડ્યા પણ બ્રિટીશ સામ્રાજય પ્રત્યેનો અહોભાવ એવો જ હતો! બ્રિટીશ લોકશાહી, પાર્લામેન્ટ, તેનું અંગ્રેજી, તેનો ક્રિકેટ રમત... આનાથી આપણા નેતાઓની આંખો અંજાયેલી હતી. બીજી તરફ 'પશ્ચિમના દેશોમાં બધું ઉત્તમ છે.' એવી ગુલામ મનોદશા પણ હતી. કેટલાકને વળી એવું લાગતું હતું કે અહોહો, રશિયામાં કેવું આર્થિક આયોજન થઈ રહ્યું છે...

આ ઘમાસાણમાં બંધારણસભા રચાઈ અને બંધારણ ઘડાયું. તેમાં 'સંસદીય લોકશાહી' અને 'પ્રતિનિધિ પૂરો પાડતી ચૂંટણી' ને અપનાવી લેવામાં આવ્યાં. 'દુનિયાની સૌથી મોટી લોકશાહી' તરીકે આપણો દેશ સ્થાપિત થયો.

પણ, જે વર્ષો ગુલામીમાં કાઢ્યા હતાં તેનો પડછાયો એવો ને એવો હતો. 'કથની એક અને કરણી બીજી' એ સ્વભાવ બની ગયો હતો. એટલે તો બંધારણની ભાવનાની તોડફોડ ચાલી. ચૂંટણી ઉત્તમ પ્રતિનિધિની પસંદગીને બદલે નાતજાત - કોમ - સંપ્રદાય - ગૂંડાગર્દીના આધારે થવા લાગી. 'નેતા' શબ્દ સસ્તો બની ગયો. સંસદ અને ધારાસભામાં સ્તર નીચું થતું ગયું. ગૂંડા - માફિયા પણ ચૂંટાવા લાગ્યા.

આવું કહેવા માટે અન્નાની જરૂરત નથી, આ તો ૧૯૫૦થી ૨૦૧૧ સુધી ક્રમશ અધઃપતનના શિખરે પહોંચી ચૂકેલી કરમ કહાણી છે. 'પ્રધાન બનવું એટલે ભ્રષ્ટાચારનો પરવાનો મેળવવો', 'વડાપ્રધાન બનવું એટલે કઠપુતળીનું કામ કરવું', 'રાષ્ટ્રપતિ તો રબ્બર સ્ટેમ્પ જ ચાલે', 'સંસદગૃહમાં પ્રામાણિક ચર્ચા નહીં હોબાળો જ હોય...' આ વરવી વાસ્તવિકતાથી કોણ અજાણ્યું છે?

સંસદને સર્વોચ્ચ ગણવામાં કોઈનેય વાંધો ન હોય, બલ્કે તેવું હોય તો ગૌરવ થાય. પણ એવું કંઈક વર્તો તો ખરા બાપલા કે, અમને સંસદની સર્વોપરિતા પર અભિમાન થાય! સંસદના સાંઠમે ભેગા મળીને સંસદ સભ્યોએ કરેલા 'સંકલ્પો' થી હસવું, રડવું કે આશા રાખવી?

# સાહિત્યમાં શ્રેષ્ઠ ઉપમાઓ : એક વિહંગાવલોકન

કેટલાક આધ્યાત્મિક ગ્રંથોમાં જીવનનું સાર તત્ત્વ જેમ દૂધનો સાર ઘી હોય છે તે રીતે સીધી અસર સાધકને કરે છે. દા. ત. મહાભારતની ગીતા સમગ્ર ધર્મનો સાર છે. કેટલાંક પુસ્તકો એવાં હોય છે જે ઓશીકા પાસે જ રાખવાં પડે. દા. ત. ગાંધીજીએ લખેલી પોતાની આત્મકથા : સત્યના પ્રયોગો. કેટલીક નવલકથાઓ એવી હોય છે જે વારંવાર વાંચવા છતાં ધરવ જ ના થાય. ઉદાહરણ તરીકે : સરસ્વતી ચંદ્ર : માનવીની ભવાઇ : સાત પગલાં આકાશમાં.

કેટલાંક જીવનચરિત્ર વાંચીને ઘણાંને જીવન સુધરી ગયાં તો કેટલાંક પ્રવાસ - વર્ણનો વાંચો તો ઘેર બેઠાં સદેહે એ સ્થળ ઉપર ફરતા હોય એવું લાગે. દા.ત. હિમાલયનો પ્રવાસ. કેટલાક પત્રો વાંચો તો આશ્ચર્યચકિત થઇ જવાય. ગાંધીજીનો અક્ષરદેહ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મહાદેવજીની ડાયરી વાંચો તો આપણને ડાયરી લખવાના અભરખાં થઇ જાય. ગુણવંત શાહનું વિચારોનાં વૃંદાવનમાં વાંચો તો નિબંધને આકાશની ઊંચાઇ પ્રાપ્ત થતી હોય એવુ લાગે.

ધૂમકેતુની પોસ્ટ ઓફિસ વાર્તા વાંચો તો વાર્તાની વ્યાખ્યા મળી જતી હોય એવું લાગે. સાહિત્ય તો સાગર છે. સાગર કાંઠે બેઠેલી ચકલી જો પાણી પીવા જાય તો કેટલું પી શકે? એ કંઇ બે ચાર લિટર ના પી જાય. એના પીવાની ગણતરી ટીપામાં જ થઇ શકે. ગમે તેવો વાચક હોય... જગતભરના સાહિત્યનો અને સાહિત્યના બધા પ્રકારનો આસ્વાદ કરવો હોય તો સો વર્ષની જિંદગી પણ ઓછી પડે !!

પદ્ય સાહિત્યમાં કવિતા, ગઝલ, ગીત, ખંડકાવ્ય, હાઇકુ, છંદ, ચોપાઇ, લોકગીત, શતક, સોનેટ, હાલરડું, રાસ, ગરબા, આરતી, પદ, દોહા, ભજન, મરસિયા, શ્લોક, સુભાષિત - કેટકેટલા સાહિત્ય પ્રકારનાં નામ લઇએ? આવું જ અલંકારોનું છે. ઉપમા - અલંકાર એવો છે જે સો વાક્યોનો સાર એક વાક્યમાં અને સો સો શબ્દનો સાર એક જ શબ્દમાં પ્રગટ કરે એટલી તાકાત ઉપમામાં છે. જેમ કે ક્રોધ તો દુર્વાસાનો; ઊંઘ તો કુંભકર્ણની; ઘોડો તો ચેતક કહેતાં પછી બીજું કશું કહેવાનું રહેતું જ નથી. ચાલો સાહિત્યમાં આવી ખેડાણ થયેલી શ્રેષ્ટ ૧૦૮ ઉપમાઓને માણીએ. ઉપમામાં કાલિદાસને કોઇ ના પહોંચે :

**ઉપમા કાલિદાસસ્ય...**

અવતાર : શ્રીકૃષ્ણ
અભિમાન : રાજા રાવણ
અનંતતા : આકાશ
આસન : પદ્માસન
આશરો : રાજપૂત
ઇશારો : પ્રેમિકા
ઊંઘ : કુંભકર્ણ
ઉપદેશ : ભગવદ્‌ગીતા
કલબલાટ : કાબર
કાંતિ : સૂર્યકિરણ
કોમળતા : માખણ
ક્રોધ : દુર્વાસા
કંઠ : કોયલ
ખાનદાની : ખુમાણ
ગતિ : મન
ગદા : ભીમસેન
ગામ : ગોકુળ
ગાય : કામધેનુ
ગુરુદક્ષિણા : એકલવ્ય
ચપળતા : ચિત્તો
ચતુરતા : કાગડો
ચોપડો : ચિત્રગુપ્ત
ચાલ : સિંહણ
છપ્પા : અખો
છંદ : ચારણ
જળ : ગંગાજળ
જીદ : વીંછી
જમણ : સુરત
ઝટકો : રાઠોડ
ટેક : રાણાપ્રતાપ
ટહુકો : મોર
ઠેકડો : હનુમાનજી
ઢાલ : ગેંડાની
તપ : ધ્રુવ
થડ : વડ
દંભ : બગલો
દૃષ્ટિ : ગરૂડ
દાનવીર : કર્ણ
દયા : મહાવીર
દગો : દુર્યોધન
ધર્મ : યુધિષ્ઠિર
ધાતુ : સોનું
નણંદ : સુભદ્રા
નાગ : તક્ષક
ન્યાય : મીનળદેવી
નજાકત : લજામણી
પ્રતિજ્ઞા : ભીષ્મ
પ્રકાશ : સૂર્ય
પમરાટ : પારિજાત
પીર : અજમેર
પ્રેમ : રાધા-કૃષ્ણ
પદ : સુરદાસ
પટોળાં : પાટણ
પર્વ : દિવાળી
પાન : નાગરવેલ
ફળ : શ્રીફળ
ફફડાટ : હોલો
બાણ : રામબાણ
બેલડી : સારસ
બીકણ : સસલુ
ભક્તિ : શબરી
ભજન : નરસિંહ મહેતા
ભૂંગળ : ભવાઇ
ભાજી : વિદુર
ભોળપણ : શિવજી
માતા : જશોદા
મમતા : મા
મલમલ : ઢાકા
મરણ : કાશી
મરોડ : અક્ષર
માદકતા : માનિની
મધુરતા : મધ
મદહોશી : મદિરા
યોગ : યોગેશ્વર
યુધ્ધ : મહાભારત
રૂપ : નાગર
રાણી : ઝાંસી
રાગ : ભૈરવી
લહેર : પવન
લીલા : ઇશ્વરની
લુચ્ચાઇ : શિયાળ
લેખ : છઠ્ઠીના
લજ્જા (શરમ) : નવોડા
લચક : કેડ
લાકડું : સાગ-સીસમ
વરણાગી : નકુળ
વીણા : નારદ
વનવાસ : શ્રીરામ
વાયદો : અગત્સ્ય
વિદ્યા : સરસ્વતીજી
વેદના : વિરહ
શક્તિ : આદ્યશક્તિ
શમશેર : શિવાજી
શીતળતા : ચંદન
શેઠ : સગાળશા
શાપ : સતિ
શણગાર : સ્ત્રી
સતી : સાવિત્રી
સત્યવાદી : રાજા હરિશ્ચંદ્ર
સુગંધ : કસ્તુરી
સ્નેહ : ભરત
સેવા : શ્રવણ
સ્તંભ : અશોક
સંગીત : તાનસેન
ક્ષમા : પૃથ્વી
હીંચકો : હેડંબા
હીંડોળા : બાળકૃષ્ણ

## ગાગરમાં સાગર

- પી.એમ. પરમાર (દર્શન)

# સારી વાતો સમાજ સ્વીકારે છે, આવકારે છે... જરૂર છે માત્ર કહેનારની અને યોગ્ય રીતે કહેવાની, કહેનાર જો સંયમપૂર્ણ અને વિવેકપૂર્ણ ભાષાનો ઉપયોગ કરે તો સારી વાત સ્વીકારવાની સંભાવના વધે છે

## સારી વાતોને સમાજ આવકારે છે, કહેનાર જોઇએ...

- હર્ષદ પ્ર. શાહ

એક નાનકડી ઘટનાનું વિસ્તારથી વર્ણન કરું છું. થોડા દિવસ પહેલાં હું કર્ણાવતી (અમદાવાદ) થી સુરત આવવા બસમાં બેઠો. સારી એવી ભીડ હતી. ત્રણની એક સીટ પર જયાં એક ભાઈ, એમનાં પત્ની અને નાનાં બે બાળકો બેઠાં હતાં ત્યાં એમને મને બેસવાની થોડી જગ્યા કરી આપી. મેં એમનો આભાર માન્યો. મારી બાજુમાં બે જણની સીટ પર બેઠેલા એક બીજા ભાઈએ સિગરેટ સળગાવી. ધુમાડાથી હું ગૂંગળાવા લાગ્યો. મેં એમને જગ્યાની અદલાબદલી કરી બારી પાસે બેસવા વિનંતી કરી જેથી સિગરેટના ધુમાડા બહાર જાય. સિગરેટ બસમાં ન પીવાનો મારો આડકતરો સંકેત જ હતો. બાજુમાં જ કંડકટર ટિકિટ ફાડતા હતા. એમણ મારી વાતને ટેકો આપ્યો. બીજા પણ એક-બે સજ્જનોએ વાતમાં ટાપશી પુરાવી. સિગરેટ પીનાર ભાઈએ સિગરેટ બુઝાવીને ફેંકી દેતાં મને કહ્યું, ''લો બસ! તમારું માન રાખી હું પચાસ પૈસાનું નુકશાન વેઠી રહ્યો છું.''

''એટલા નજીવા નુકસાનમાં તમે તમારી જાતને અને આજુબાજુના ઘણા મુસાફરોને મોટો ફાયદો કરાવી આપ્યો છે!'' મેં કહ્યું. હળવા હાસ્યથી મારી વાત બરાબર છે એમ સ્વકારાયું... મને જેમણે બેસવા માટે થોડી જગ્યા આપી હતી એ થોડા વધારે ખસ્યા અને મારા માટે થોડી વધારે જગ્યા કરી અને બોલ્યા... ''બરાબર બેસો.'' મને હવે વધારે રાહત થઈ. મનમાં જગ્યા થઈ માટે સીટ પર જગ્યા થઈ.

સારી વાતો સમાજ સ્વીકારે છે, આવકારે છે... જરૂર છે માત્ર કહેનારની અને યોગ્ય રીતે કહેવાની. કહેનાર જો સંયમપૂર્ણ અને વિવેકપૂર્ણ ભાષાનો ઉપયોગ કરે તો સારી વાત સ્વીકારવાની સંભાવના વધે છે. કહેનારે સંકોચથી નહીં, આત્મવિશ્વાસથી કહેવું જોઈએ. ખરાબ વાતો અને દુરાચરણ માણસને નબળો બનાવે છે. એવું મન એના નિયંત્રણમાં હોતું નથી. સાચું અને સારું બોલનારને મજબૂત આધાર હોય છે, ઉચ્ચ નૈતિક બળ હોય છે. છેવટે સ્પર્ધામાં એ ટકી શકે છે. માત્ર દૃઢ વિશ્વાસથી એ વાત રજૂ થવી જોઈએ.

ચાર વ્યસનીઓની વચ્ચે પણ એમનો એક મિત્ર જો શ્રધ્ધા અને આત્મવિશ્વાસપૂર્વક કહે કે વ્યસન ખરાબ ચીજ છે અને એના ફંડામાં ન ફસાવું જોઈએ.. તો ક્ષણભર ચારેયના મનમાં વીજળીનો એક ચમકારો તો થશે જ.

પરંતુ મોટા ભાગનાં લોકો ચાલુ ગાડીએ ચડી જનારા હોય... 'જેવા સાથે તેવા' થઈ જવામાં જ એમને જીવનનું સાર્થક્ય જણાય છે. ખોટી કે ખરાબ વાતને ખરાબ ન કહેવાની હિંમત આવા લોકોમાં હોતી નથી. પરિણામે દુરાચારીઓને સમર્થન મળે છે.

સોમાંથી નેવુંને સારી વાતો ગમતી હોય છે પણ કહેનાર એકેય નથી હોતો. સોમાંથી દશને દુરાચરણ ગમતું હોય છે... અને દુર્દૈવની એમને સમર્થન મળી રહે છે.

આપણા સમાજમાં તો સંતોનો અનેરો પ્રભાવ છે. સંતોની વાણી સાંભળવા લોકો આતુર હોય છે. પણ સારી વાતો સાંભળ્યા પછી જરૂર પડ્યે સારી વાત શ્રધ્ધા અને વિશ્વાસપૂર્વક કહેવાની અને કરવાની ક્ષમતા પણ માણસે નિર્માણ કરવી જોઈએ. એ માટે મનને આચાર-વિચારની એકરૂપતાના શ્રેષ્ઠ ભાવમાં લઈ જઈ જોઈએ.

એક નાનું ગામ. પાંચેક હજારની વસ્તી. ગ્રામજનોના આરોગ્યરક્ષણ માટે એક નાનું દવાખાનું જેમાં ૧૫-૨૦ દરદીઓને સમાવવાની વ્યવસ્થા.

ગામના એક નાના બાળકના મનમાં એક દિવસ એક સુંદર વિચાર સ્ફુર્યો. સાતમા ધોરણમાં ભણતા આ વિદ્યાર્થીના ઘરમાં એની માતા... પરિવારમાં બીજું કોઈ નહીં. ઘરની સ્થિતિ અત્યંત સામાન્ય. માતા બાળકને રોજ દશ પૈસા વાપરવા માટે આપે. બાળકને થયું, રોજ આ દશ પૈસાના ચણા-મમરા ખાઈ જવા એના કરતાં અનો કંઈક સારો ઉપયોગ કર્યો હોય તો કેવું?

...અને એ ગયો દાતણ વેચનારી પાસે, દસ પૈસાનાં ચાર દાતણ લઈને એ ગયો ગામના દવાખાને. દરેક ખાટલે દરદીની ખબર અંતર પૂછતો જાય અને જરૂરિયાતવાળાને દાતણ આપે. ચાર જ જણને દાતણ આપે. ચાર જ જણને દાતણ આપી શક્યો પણ ખબરઅંતર પૂછવાની પ્રક્રિયાએ એના મનને ખૂબ આનંદ આપ્યો. હવે તો રોજ નિશાળેથી છૂટે, દશ પૈસાના ચાર દાતણ લે અને દવાકાને પહોંચી જાય. આ એનો નિત્યક્રમ બની ગયો.

એક દિવસ દાતણવાળીએ પૂછ્યું, ''બેટા! તમે તો ઘરમાં મા-દીકરો બે જ જણા છો... તો રોજ ચાર દાતણ કેમ લઈ જાય છે?''

બાળકે કહ્યું, 'માજી! એ તો હું દવાખાને જઈ દરેક પથારીએ પથારીએ ફરીને દાતણ આપું છું!'

'એમ! તો તો દીકરા... મારાથી તારા પૈસા ન લેવાય. તું તો ભલાઈનું કામ કરે છે. રોજ મારી પાસેથી જેટલાં જોઈએ એટલાં દાતણ મફત લઈ જજે.' દાતણવાળાં ડોશીમાનો અંતરાત્મા પણ બાળકની વાત સાંભળી જાગી ઊઠ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૦મી મે**


**લાલ-બાલ-પાલમાં એક બિપીનચંદ્ર પાલની પુણ્યતિથિ**

પ્રખર પત્રકાર, મહાન દેશભક્ત અને દેશની પ્રજામાં સ્વતંત્રતાના વિચારો પૂરનારા શ્રી પાલનું અવસાન ૨૦-૫-૧૯૩૨માં થયું.

- જ્ઞાનપીઠ એવોર્ડ દ્વારા સન્માનિત હિન્દી સાહિત્યના અગ્રણી કવિ સુમિત્ર વંદન પંતનો આજે જન્મદિન. તેમનું સાહિત્ય 'સુમિત્રાનંદન પંત ગ્રંથાવલી' નામે પ્રકાશિત થયું છે.
- ભરૂચનો કિલ્લાનું બાંધકામ નિહાળવા સુલતાન મહમૂદ બેગડાએ જાતે મુલાકાત લીધી.



- ૧૯૧૫માં કોચરબ નજીક ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી.



- ૧૪૫૧ માં અમેરિકા ખંડના શોધક સાહસવીર કોલંબસનો જન્મ થયો.